કોવિડ-૧૯ની મહામારીમાં રાજય સરકારની મેડીકલ કોલેજોમાં થર્ડ યર પૂર્ણ કરેલ જુનિયર રેસીડેન્ટસના સ્ટાઈપેન્ડના દરોમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક:-એમસીજી/૧૦૨૦/SFS 39/જ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:-૧૮-૦૭-૨૦૨૦.

વંચાણે લીધા:-
(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠ.ક્ર.:- એમસીજી/૧૦૦૯/૩/જ તા.૧૯-૦૯-૨૦૧૮.
(૬)કમીશનરશ્રી, આરોગ્ય, ગાંધીનગરની તા.૦૮-૦૬-૨૦૨૦ની એસ.એફ.એસ. હેઠળની દરખાસ્ત

**આમુખ:-**

વંચાણે લીધેલા ક્રમાંક –(૧)ના તા.૧૯/૦૯/૨૦૧૮ના ઠરાવથી મેડીકલ, ડેન્ટલ, ફીઝીયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્ન્સ , અનુસ્નાતક અને સુપર સ્પેશ્યાલીટી અભ્યાસક્રમના રેસીડન્ટના સ્ટાઈપેન્ડના દરોમાં વધારો કરવામાં આવેલ હતો. જેમાં મેડીકલ 4th Year (Sr. Resident)નું રૂ.૬૬,૦૦૦/- તથા 3rd Year Medical Residentનું રૂ.૬૨,૫૦૦/- સ્ટાઈપેન્ડ નક્કી થયેલ છે.

વંચાણે લીધેલા ક્રમાંક –(૨)માં દર્શાવેલ કમીશનરશ્રી, આરોગ્યની દરખાસ્તથી પ્રવર્તમાન કોવિડ-૧૯ની મહામારીમાં જુનિયર રેસીડન્ટસ દ્વારા કરવામા આવતી જોખમી અને અતિ સંવેદનશીલ પ્રકારની કામગીરીને ધ્યાને લઈ તેમની ટર્મ પૂર્ણ થયા બાદ બજાવેલ વધારાના સમયગાળા માટે સિનિયર રેસીડેન્ટને આપવામા આવતા સ્ટાઈપેંડ મુજબનું સ્ટાઈપેંડ આપવાની બાબત વિભાગની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સરકારશ્રીની કાળજીપુર્વકની વિચારણા અંતે, પ્રવર્તમાન કોવિડ-૧૯ની મહામારીમાં રાજય સરકારની મેડીકલ કોલેજોમાં થર્ડ યર મેડીકલ પૂર્ણ કરેલ જુનિયર રેસીડન્ટસ દ્વારા કરવામા આવતી જોખમી અને અતિ સંવેદનશીલ પ્રકારની કામગીરીને ધ્યાને લેતા તેમની ટર્મ પૂર્ણ થયા બાદ બજાવેલ કામગીરી માટે સિનિયર રેસીડેન્ટસને હાલમાં ચૂકવવામાં આવતા સ્ટાઈપેન્ડ મુજબ જુનિયર રેસીડેન્ટના

(પાછળ)

કિસ્સામાં પણ થર્ડ યર પૂર્ણ કરેલ જુનિયર રેસીડેન્ટસને માસિક રૂ.૬૬,૦૦૦/- સ્ટાઈપેંડ તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી અથવા કોવિડ-૧૯ની મહામારીની કામગીરીની મુદ્દત સરકાર દ્વારા જે તારીખ સુધી લંબાવવામાં આવે ત્યાં સુધી ચૂકવવા આથી ઠરાવવામાં આવે છે.

૨. આ હુકમો તા.૦૧/૦૫/૨૦૨૦થી અમલમાં આવશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૪/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

[વી.જી.વણઝારા]
અધિક સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

નકલ રવાના પ્રતિ,

- માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રી,(આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ૫- ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ૪, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ, ૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી( જા.આ/પ.ક) ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ડીનશ્રી, સરકારી મેડિકલ કોલેજ, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી- રાજકોટ, અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી - ગાંધીનગર , અમદાવાદ
- સીસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બ્લોક નં ૭/૭, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઇલ